પાલનપુર રેલવે સ્ટેશન પર એક હજારથી વધુ મુસાફરોએ રાત્રે પાંચ કલાક વિતાવ્યા

સૂર્યનગરી એક્સપ્રેસમાં બેઠેલા મુસાફરનું મોત : આબુ રોડથી ટ્રેનમાં બેઠેલા ૫૫ વર્ષના નરેન્દ્ર જૈનને છાતીમાં દુખાવો ઉપડ્યો અને ઉલ્ટીઓ થવા લાગી હતી

પાલનપુર,તા.૧૧

રોડ અને હવાઈ માર્ગ કરતા વધારે સુરક્ષિત મનાતી રેલવેની મુસાફરી ઘણી વખત ભારે

તકલીફવાળી સાબિત થતી હોય છે. પાલનપુરમાં બનેલી એક ઘટનામાં મુસાફરોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ૧૦૦૦થી વધુ સૂર્યનગરી એક્સપ્રેસના મુસાફરોએ બુધવારે ફરજિયાત ૫ કલાક સુધી પાલનપુર સ્ટેશન પર રાહ જોવી પડી હતી. આ પાછળનું કારણ હતું કે મુંબઈના મુસાફરને હાર્ટ એટેક આવતા મોત થઈ ગયું હતું, અને આ પુરુષ સાથે મુસાફરી કરી રહેલા લોકોએ તેની પત્નીને પોસ્ટમોર્ટમ માટે પાલનપુરમાં એકલી છોડવાનો ઈનકાર કરી દીધો હતો. જોકે, અધિકારીઓએ મહિલા અને શબને અન્ય વાહનમાં મુંબઈ પહોંચાડવાનો વાયદો કર્યો હતો, પરંતુ સૂર્યનગરી એક્સપ્રેસમાં જ શબ મોકલવાની વ્યવસ્થા ના થાય ત્યાર પછી જ ટ્રેન ઉપડવા મામલે હોબાળો કરવામાં આવ્યો હતો. આવામાં અન્ય મુસાફરોએ શબ લઈ જવાની વ્યવસ્થા અને પોસ્ટમોર્ટમની કામગીરી થઈ ત્યાં સુધી ટ્રેનમાં પાંચ કલાક વિતાવવા પડ્યા હતા. આ અંગે રેલવેના સિનિયર અધિકારીએ જણાવ્યું કે, આવું પહેલીવાર થયું છે કે ટ્રેન રેલવે સ્ટેશન પર રોકાઈ હોય અને મૃતદેહને ગંતવ્ય સ્થળ પર લઈ જતા પહેલા તેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પાલનપુર સ્ટેશન મેનેજર દિનેશ રાઠોડે મૃતકની ઓળખ આપતા જણાવ્યું કે તેમનું નામ નરેન્દ્ર જૈન છે, તેમની ઉંમર ૫૫ વર્ષ છે અને તેઓ બોરિવલ્લીમાં દુકાનના માલિક છે. જેઓ તેમની પત્ની પદ્મા જૈન (૫૦) સાથે આબુ રોડથી ટ્રેનમાં બેઠા હતા. વધુમાં દિનેશ રાઠોડે જણાવ્યું કૅંદ્રઈ નંબર પ્રમાણે મૃતક અને તેમના પત્ની પાસે કન્ફર્મ ટિકિટ નહોતી. વેઈટિંગ લિસ્ટમાં તેઓ ૬-૭ નંબર પર હતા. આમ છતાં તેઓ તેમના સમાજના અન્ય લોકો સાથે મુસાફરી કરી રહ્યા હતા, આ દંપતી તેમના સમાજના લોકો સાથે સ્લીપર કોચમાં બેસી ગયું હતું. ટ્રેન જેવી આબુ રોડથી ઉપડી નરેન્દ્ર જૈને છાતીમાં દુખાવો થતો હોવાની અને ઠીક ના લાગતું હોવાની ફરિયાદ કરી હતી, આ પછી તરત તેમને ઉલ્ટી થવા લાગી હતી અને તેઓ ફસડાઈ પડ્યા હતા, નરેન્દ્ર જૈનની તબિયત ખરાબ થઈ હોવા અંગે તેમની સાથે મુસાફરી કરતા લોકોએ્ ઈને જા કરી હતી. ્ઈ દ્વારા પાલનપુર સ્ટેશન મેનેજરને ફોન કરીને ૧૦૮ની વ્યવસ્થા કરવા માટે જણાવવામાં આવ્યું હતું, કારણ કે મુસાફરની તબિયત વધારે ખરાબ થઈ રહી હતી અને આવામાં ઈમર્જન્સીની જરુર પડે તેવી સ્થિતિ હતી. બુધવારે રાત્રે ૧.૦૪ વાગ્યે ટ્રેન પાલનપુર સ્ટેશન પહોંચી હતી, અહીંથી ૧૦૮ના સ્ટાફને સ્થિતિ ગંભીર લાગતા તેઓ દર્દીને લઈને પાલનપુર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં ડૉક્ટરો દ્વારા તેમને ૧.૨૫ વાગ્યે મૃત જાહેર કરવામાં આવ્યા હતા. સ્ટેશન મેનેજર દિનેશ રાઠોડે વધુમાં જણાવ્યું કે, અમે જૈનનો સામાન ઉતારી લીધો હતો અને લગભગ ટ્રેનને આગળ વધવા માટે ગ્રીન સિગ્નલ આપી દીધું હતું, પરંતુ તેમની સાથે મુસાફરી કરી રહેલા કેટલાક લોકોએ હોબાળો મચાવ્યો હતો. અને કહ્યું કે અમે પદ્માને પાલનપુરમાં એકલી મૂકીને નહીં જઈએ. તેમણે આગળ જણાવ્યું કે, લગભગ ૨૦૦ જેટલા મુસાફરો ટ્રેનમાંથી ઉતરી ગયા અને તેમણે સ્ટેશન માસ્તરને ઘેરી લીધા હતા. તેમણે કમ્પ્યુટર સાથે જોડાયેલા વાયરસના છેડા પણ કાઢી નાખ્યા હતા અને તેના કારણે ટ્રેન સાથે સંપર્ક તૂટી ગયો હતો અને તેને રોકવી પડી હતી. અમે હોબાળો મચાવી રહેલા લોકોને સમજાવ્યું કે અમે પદ્મા જૈનને તેમના પતિના મૃતદેહ સાથે અન્ય વાહનમાં મોકલી દઈશું પરંતુ તેઓ સાંભળવા માટે તૈયાર નહોતા. આ પછી મુસાફરોના ભારે આગ્રહના કારણે રેલવે વિભાગ દ્વારા તાત્કાલિક પોસ્ટમોર્ટમ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

હાલિસાની શિક્ષિકાનું પ્રેરણાદાયી ઈનોવેશન

પોઝિટીવ રેઈનફોરોમેન્ટમાંથી પોઝિટીવ બિહેવિયર સુધીની સફર

ગાંધીનગર, તા. ૧૧

જીસીઈઆરટી પ્રેરિત અને ડાયટ ગાંધીનગર આયોજીત ૭ માં જિલ્લાકક્ષાના એજ્યુકેશિન ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૧-૨૨નું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. ૭ મા જિલ્લાકક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમાં કુલ ૫૦ નવતર પ્રયોગમાંથી દહેગામના ૧૮ ઈનોવેટિવ શિક્ષક દ્વારા નવતર પ્રયોગ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં દહેગામના હાલિસા સ્વસ્તિક હાઈસ્કૂલની શિક્ષિકા ડૉ. અસ્મિતા એમ. જેતપરિયા દ્વારા પોઝિટિવ રેઈનફોર્શમેન્ટથી પોઝિટિવ બિહેવિયર સુધીની સફર અંતર્ગત ઈનોવેશન રજૂ કર્યુ હતુ. જેમાં શિક્ષિકાએ મનોવૈજ્ઞાનિક પ્રયોગ પોતાની શાળાના બાળકો પર કરતાં સકારાત્મક પરિણામ મળ્યા હતા. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ માં શાળામાં દરેક બાળકને આવકારવાની અને સ્વિકારવાની વાત કરી છે. ડૉ. અસ્મિતાના ઈનોવેશનનો હેતુ દરેક બાળકને એપ્રીશીયન્ટ કરવાનો અને તરૂણાવસ્થાના વિદ્યાર્થીઓની જરૂરિયાત પૂરી કરી પોઝિટિવ બિહેવિયર કરવાનો હતો. તેમની હાઈસ્કૂલના વિદ્યાર્થીઓમાં શિસ્તનો અભાવ, મૂલ્યોનો અભાવ, નિષેધત્મક બિહેવિયર તરફ ધ્યાન જતા મનોવિજ્ઞાનનાં શિક્ષક અને ચાઈલ્ડ સાયકોલોજીમાં પીએચડી કરેલ આ શિક્ષિકાએ આ બાબતે વધારે ધ્યાન દોર્યુ હતુ. મનોવૈજ્ઞાનિક અબ્રાહમ મેસ્લોના સિદ્ધાંત મુજબ દરેક વ્યક્તિમાં પાંચ જરૂરિયાત જેમાં મુખ્ય શારીરિક, સલામતી, સ્નેહ, આત્મગૌરવ, આત્મસાક્ષાતકાર, તેમની શાળામાં ૪ થી ૫ વિદ્યાર્થી દરરોજ ટિફિન વિના શાળામાં આવે અને આખો દિવસ પડીકા ખાઈને પેટ ભરતા હતા તેથી શિક્ષિકાએ આવા બાળકો માટે ઘરેથી ટિફિન લાવવાની શરૂઆત કરી. વિદ્યાર્થીઓ જાતે એ ભોજન લઈને શેર કરીને ખાય તેવી વ્યવસ્થા કરી. શાળાના બીજા શિક્ષિકા બહેનો પણ ટિફિન લાવતા થયા. આ એક નાના વિચારથી શાળામાં દરરોજ બધા વિદ્યાર્થીઓને પોષકતત્વયુક્ત આહાર મળે તેવો ભવ્ય વિચાર શાળાના આચાર્ય અને સમગ્ર સ્ટાફ દ્વારા વિચાર અમલમાં મુકાયો. સલામતીની જરૂરિયાત માટે એક વિદ્યાર્થીનીને સલામતી મંત્રી બનાવીને વિદ્યાર્થીઓની સમસ્યા ખાનગી રીતે ઉકેલવાનો પ્રયાસ કર્યો. સ્નેહ અને આત્મગૌરવની જરૂરિયાત માટે વિદ્યાર્થીઓની અંદર રહેલ વિધાયક પોઈન્ટને ઓળખીને તેના સંદર્ભમાં બેઝ બનાવ્યા. જેમાં મૂલ્યવાન બાળક, તેજસ્વી બાળક, સ્વચ્છતા અભિગમ, નિયમિત બાળક, તેજસ્વી બાળક, જી.કે. માસ્ટર, બેસ્ટ વાંચક, બેસ્ટ વક્તા, વૃક્ષપ્રેમી, બાળ વૈજ્ઞાનિક એવા બેઝ પ્રાર્થનાસભામાં પહેરાવીને સન્માનિત કરાય છે. પુરો મહિનો આ બેઝ વિદ્યાર્થી પહેરે છે ત્યારે તેઓના આત્મગૌરવની જરૂરિયાત તૃપ્ત થાય છે. આમ શાળાના તારલાઓ પોઝિટિવ પાવરથી ચમકવા લાગ્યા છે. જો તરૂણાવસ્થાના વિદ્યાર્થીઓની સમસ્યા સમજીને મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી ખૂબ કાળજીપૂર્વક સમસ્યા ઉકેલાય તો આત્મહત્યાના કિસ્સા ઘટશે અને ભગીરથ કાર્ય એક શિક્ષક જ કરી શકે.

ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે આજે દોલારાણા વાસણાના આયુષ કેન્દ્રની મુલાકાત લઈ અને ત્યાં ચાલતી પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી તેમજ તેમની જરૂરિયાતો અંગે પૃચ્છા કરી દરખાસ્ત સ્વરૂપે રજુઆત કરવા સૂચના આપી હતી. તેમની આ મુલાકાત વેળાએ જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ભાવનાબેન પટેલ, સરપંચ દોલારાણા વાસણા અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તથા એન.વાય.કે.ના ઉપક્રમે યોજાઈ જિલ્લા કક્ષાની નિબંધ સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ અને નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર (ખેલ મંત્રાલય, ભારત સરકાર) દ્વારા તાજેતરમાં યુવા દિવસની ઉજવણી કરાઈ હતી. જે અંતર્ગત નેહરુ યુવા કેન્દ્ર સંચાલિત યૂથ હોસ્ટેલમાં વિવેકાનંદ જયંતી નિમિત્તે જિલ્લા કક્ષાની નિબંધસ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગના ૧૩ વિદ્યાર્થીઓ સહિત કુલ ૫૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી પંકજ મારેચા અને કામધેનુ યુનિવર્સિટીના મદદનીશ કુલસચિવ શ્રી નિરાગ દવેની ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહની પ્રેરણા તથા કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં વિભાગીય અધ્યક્ષા શ્રી રીનાબહેન રાઓલના સહકારથી આ કાર્યક્રમ યોજાયો હતો. નિબંધ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ.શિલ્પા વાળા અને ડૉ. નરેન્દ્ર વસાવાની ભૂમિકા મહત્ત્વની રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્ટાફ ટ્રેનિંગ કોલેજના કોન્ફરન્સ હોલમાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ઑનલાઈન સંબોધનનું પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં વન વિભાગ હેઠળનો ફોરેસ્ટ એરીયા ઘણો છે. વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં અવારનવાર સાફસફાઈ કરવામાં આવે છે. સેકટર-૫-એમાં સીએનજી સ્ટેશન સામે સુકા થઈ ગયેલા વૃક્ષોને દુર કરવામાં આવ્યા હતા. લગભગ આખો દિવસ આ જોખમી વૃક્ષોને દુર કરવાની કામગીરી ચાલી હતી.

જીએસઈસીએલ દ્વારા રાજયમાં સર્વ પ્રથમ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમનું અમલીકરણ

પુનઃપ્રાપ્ય ઊર્જા અને તેના ઝડપી અમલીકરણ ક્ષેત્રે ગુજરાત દ્વારા સમગ્ર દેશમાં કરવામાં આવેલ પહેલને આગળ ધપાવતા, રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ (જીએસઈસીએલ) દ્વારા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ (જીયુવીએનએલ) તેમજ ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સહયોગ થકી તેના કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન ખાતે કુલ રૂા. ૩૩૪.૫૪ કરોડના ખર્ચે ૩૫ મેગાવોટ ક્ષમતાની ફોટોવોલ્ટિક સૌર ઊર્જા સહિત ૫૭ મેગાવોટ પ્રતિ કલાક ક્ષમતા ધરાવતી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમની સ્થાપના અંગેની કામગીરી હાથ ધરવામાં આવી છે જે ગુજરાતમાં, પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે વિપુલતા ધરાવતાં રાજ્યોમાં તથા સમગ્ર દેશમાં આ પ્રકારની પ્રથમ પરિયોજના છે.

આ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમની સ્થાપના માટે મે. લાર્સન એન્ડ ટૂબ્રો ને લેટર ઓફ ઈન્ટેન્ટ આપવામાં આવ્યો છે. ઉક્ત સિસ્ટમ રાજ્યની ગ્રીડ પ્રણાલીના વીજભાર સંતુલન, સૌર ઊર્જા ઉત્પાદનની સ્થિરતા સહિત વીજ વિક્ષેપ દરમિયાન ગ્રીડ ને બેકઅપ પાવર પુરો પાડવા જેવા મહત્વ પૂર્ણ કાર્યોમાં મદદરૂપ થશે.

પુનઃપ્રાપ્ય ઊર્જાની સંભાવનાની ઉજળી તકો, રાજ્ય સરકારનો હકારાત્મક અભિગમ, સાનુકૂળ વાતાવરણ તેમજ પારદર્શી નીતિઓ, રાજ્યમાં ભવિષ્યમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉત્પાદન તેમજ વપરાશ ક્ષેત્રે હરણફાળ ભરવામાં સહાયક થશે.

અમદાવાદ બ્લાસ્ટ કેસમાં ૧૪મીએ સજા સંભળાવાશે

આજે અમદાવાદ બ્લાસ્ટ કેસના દોષિતોની સજા પર થોડીવારમાં સુનાવણી શરૂ થઈ હતી. ત્યારે ૨૦૦૮ સિરિયલ બ્લાસ્ટ કેસમાં આજની સુનાવણી વિશેષ અદાલતમાં પૂર્ણ થઈ હતી. વધુ સુનાવણી સોમવારે ૧૪ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે. આજની સુનાવણીમાં વિશેષ અદાલતે દોષિતોનો પક્ષ સાંભળ્યો હતો. ત્યારે સોમવારના રોજ આરોપીઓના વકીલ વિશેષ અદાલત સમક્ષ રજુઆત કરશે. સુનાવણીમાં બોમ્બ બ્લાસ્ટ કેસના તમામ ૪૯ દોષિતો કોર્ટમાં વર્ચ્યૂઅલી હાજર રહ્યા હતા. દોષિતોને સાંભળ્યા બાદ તેમની સજાનું એલાન થશે. બ્લાસ્ટ કેસમાં ૪૯ દોષિતોને સાંભળી સજાનું એલાન થશે. કેસની અંતિમ સુનાવણી બાદ સજાનું એલાન થશે. ૨૮ આરોપીને પુરાવાના અભાવનો જાહેર નિર્દોષ કરાયા છે. બચાવ પક્ષના વકીલો આજે આરોપીઓના પુરાવા રજૂ કરશે. મેડિકલ ડિટેલ અને અન્ય ડોક્યુમેન્ટ્સ રજૂ કરવા કોર્ટ બચાવ પક્ષને સમય આપ્યો હતો.

રાજ્યમાં કોરોના વાયરસના નવા ૧૮૮૩ કેસ નોંધાયા

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં હવે કોરોનાના કેસોમાં તબક્કાવાર ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૮૮૩ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૫૦૦૫ દર્દીઓ સાજા પણ થયા છે અને અત્યાર સુધીમાં કુલ ૧૧,૮૩,૨૯૪ દર્દી સાજા થઈ ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૭.૬૦ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ કોરોના રસીકરણ મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૨,૦૬,૬૩૬ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૮૩૦૧ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૦૫ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૧૮૧૯૬ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૧,૧૮,૩૨૯૪ સાજા થઈ ચુક્યાં છે. ૧૦૭૭૫ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૧૪ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

ઉઘરાણીથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારી આવાસો અને કચેરીઓની ઈમારતોને અનુલક્ષી મિલ્કત વેરાની ઉઘરાણી કરવામાં આવી રહી છે. હાલના સમયે મહાનગરપાલિકા દ્વારા ૧૩ હજાર જેટલા આવાસો અન્વયે રૂ ૧૫ કરોડ સહીત કચેરીઓની ઈમારતો પેટે રૂ ૩૬ કરોડ બાકી હોવાનો પણ રોષ ઠાલવવામાં આવી રહ્યો છે. જયારે આ મામલે પાટનગર યોજના ભવન કે માર્ગ મકાન વિભાગના અધિકારીઓ મિલ્કત વેરા સંબંધે કોર્પોરેશનના રવૈયા અને સ્મૃતિ પત્રોથી થકાન મહેસુસ કરી રહ્યા છે. અધિકારીઓના સુત્રો જણાવે છે કે પાટનગરમાં જમીન માલિકી મહાનગરપાલિકાની નથી એટલુ જ નહી પરંતુ સરકારી આવાસોનુ નિર્માણ પણ કોર્પોરેશને કર્યુ નથી આ ઉપરાંત પાણી ગટરની વ્યવસ્થા પણ પાટનગર યોજના વિભાગ સંભાળે છે. આવા સંજોગોમાં આ પ્રશ્નના નિરાકરણ માટે સરકારનુ માર્ગદર્શન અનિવાર્ય છે. આ મામલે સરકારનો આખરી નિર્ણય થાય બાદ આગળની કાર્યવાહી કરાશે.

જુના બીલ મુજબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવા કિસ્સામાં વેરો પણ સ્વીકારવામાં આવતો નથી. અલબત્ત આ મામલે જુના બિલના આધારે વેરો સ્વીકારવામાં આવે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. હાલની સ્થિતિએ બિલ ન મળ્યા હોય તેવા કિસ્સામાં નાગરિકોએ ધક્કે ચઢવાના વારો આવ્યો છે. જેના લીધે સે-૩ ડ્રેનેજ ઈન્ક્વાયરીએ પણ ભીડ થાય છે. શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત મામલે જુના બિલના આધારે પણ વેરો સ્વીકારી લેવા માટે નગરજનોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ મામલે શહેર વસાહત મહાસંઘના મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખે પણ રજુઆત કરી છે. શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત સમગ્ર વર્ષ દરમિયાન પણ સ્વીકારવામાં આવે છે. જયારે વળતરનો લાભ માત્ર માર્ચ મહીના સુધી જ મળે છે આવા સંજોગોમાં વળતરના સમયગાળા દરમિયાન પણ બીલ ન હોય તેવા કિસ્સામાં જુના બીલ આધારિત વેરો સ્વીકારવા માટે પાટનગર યોજના ભવનના તંત્રને રજુઆત કરવામાં આવી છે.

કેસોમાં ઘટાડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ ૮૨ ટકાને પાર કરી ગયાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૪૦થી વધુ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૫૦૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

રજૂઆત કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત સેકટરમાં નિયમિત સફાઈ પણ થતી નથી જેના લીધે ઠેર ઠેર ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સેકટરમાં શેરી સફાઈના નામે મીંડુ છે. એ થી ડી સુધીના ચાર વિભાગમાં વહેંચાયેલા સેકટરમાં સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. શોપિંગ વિસ્તારમાં પણ માળખાગત સુવિધાનો અભાવ વર્તાય છે. જયારે સેકટરમાં ઝુંપડા વસાહત પણ વધતી જાય છે. અગાઉ ઝુંપડાઓ દુર કરવા માટે પણ સ્થાનિકો દ્વારા પ્રબળ રજુઆત કરવામાં આવી હતી. જયારે આ મામલે સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા સત્યાગ્રહ સમિતિ બનાવી વિરોધ પણ પ્રદર્શિત કર્યો હતો. પરંતુ હજુ સુધી ઝુંપડા યથાવત છે. સેકટરમાં સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ દબાણો વધતા જાય છે. સેકટરના આંતરિક વિસ્તારમાં પણ દબાણો અસ્તિત્વમા આવ્યા છે. જયારે ઘ-૨ નજીક નવા કોર્મશિયલ કોમ્પલેક્ષ અસ્તિત્વમાં આવતા આ વિસ્તારમાં પણ અનેક સમસ્યાઓ સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે. સાંકડા સર્વિસ રોડ પર માર્ગ વચાળે જ વાહનો પાર્ક થઈ જતા ટ્રાફિક જામના દ્રશ્યો રૂટીન બની ગયા છે. કડીયા નાકુ પણ આ વિસ્તારમાં ધમધમતુ હોવાથી સ્થાનિકો માટે નતનવી સમસ્યા ઉદભવે છે. સેકટરના વિવિધ પ્રશ્નોનો નિકાલ કરવા માટે સેકટરના અગ્રણી ચંદ્રકાન્ત સોનીની આગેવાનીમાં સેકટરવાસીઓનુ સંગઠન મજબુત બનાવવા તેમજ આ પ્રશ્નોના નિરાકરણ મામલે અસરકારક રજુઆત કરી શકાય તે માટે એક બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૧૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ :૩૦ કલાકે સેકટર- ૬ ના બગીચામાં સ્થાનિકો સાથે બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેના અંતે સેકટરવાસીઓ એક જુથ થઈને સેકટરની સળગતી સમસ્યાઓના નિરાકરણ માટે તંત્રને રજુઆત કરશે.

નિર્ણય લેવાયો નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કન્સલ્ટેશન કરવામાં આવશે ત્યાર પછી નક્કી થશે કે પ્રતિબંધ મુકવો કે નહીં. સરકાર ટૂંક સમયમાં ક્રિપ્ટો કરન્સી એન્ડ રેગ્યુલેશન ઓફ ઓફિસ ડિજિટલ કરન્સી બિલ લાવવા વિચારી રહી છે ત્યારે આ સ્પષ્ટતા કરવામાં આવી છે. પ્રાઈવેટ ક્રિપ્ટો કરન્સીને લિગલાઈઝ કરવાનો આરબીઆઈ દ્વારા આકરો વિરોધ કરવામાં આવ્યો છે. ગઈકાલે જ આરબીઆઈના ગવર્નર શક્તિકાંતા દાસે કહ્યું હતું કે ક્રિપ્ટો કરન્સીને કોઈ એસેટનો આધાર નથી, તેથી તેના ચણા-મમરા પણ નહીં ઉપજે. શક્તિકાંતા દાસે એક રીતે લોકોને ક્રિપ્ટોમાં રોકાણ કરવા સામે ચેતવણી આપી હતી. આરબીઆઈએ ક્રિપ્ટો કરન્સીને નાણાકીય સ્થિરતા સામે જોખમ સમાન ગણાવી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે પોતાના ચોથા બજેટમાં ક્રિપ્ટોની આવક પર ૩૦ ટકાના ફ્લેટ દરે ટેક્સ નાખવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત આ એસેટના વેચાણમાંથી કોઈ નુકસાન થશે તો તેને અન્ય આવકની સામે સેટ-ઓફ પણ નહીં કરી શકાય. આ ઉપરાંત ડિજિટલ એસેટ્સના ટ્રાન્સફર માટે કરવામાં આવતી દરેક ચુકવણી પર એક ટકાના દરે ટીડીએસ લાગુ કરવામાં આવ્યો છે. સરકારે ક્રિપ્ટોકરન્સીમાંથી થતી આવક પર પર ૩૦ ટકાનો તગડો ટેક્સ ઝીંક્યો છે ત્યારે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ કહ્યું છે કે પ્રાઈવેટ ક્રિપ્ટોકરન્સી દેશની નાણાકીય સિસ્ટમ માટે ખતરનાક છે. શક્તિકાંતા દાસે કહ્યું કે ક્રિપ્ટોકરન્સીની અંડરલાઈંગ વેલ્યુ ચણા-મમરા જેટલી પણ નથી. રિઝર્વ બેંકે સાફ સંકેત આપી દીધા છે કે તે ક્રિપ્ટોકરન્સીને લિગલ માન્યતા આપી શકે તેમ નથી અને તે આવી કરન્સી પર બિલકુલ ભરોસો ધરાવતી નથી.